# આપણું યુજીવીસીએલ

UGVCL

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૪૬, જૂન - જુલાઈ ૨૦૧૮




## યુજીવીસીએલને એનાયત થયા સ્કોચ એવોર્ડ્સ



યુજીવીસીએલે મેળવ્યું A+ રેટિંગ



ઈડર અને મહેસાણા ખાતે યોજાયો મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજના હેઠળ

પસંદગી પામેલ ઉમેદવારોને નિમણૂંકપત્ર આપવાનો કાર્યક્રમ




યુજીવીસીએલ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

# આ અંકમાં


અંક–૪૬

જૂન – જુલાઈ ૨૦૧૮

ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત



**સંરક્ષક**

શ્રી સ્વરૂપ પી., આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**

શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી મિતેશ વૈષ્ણવ, સિનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન)

**તંત્રી મંડળ**

શ્રી એ. કે. મંગલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી પી.બી, પંડ્યા, મુખ્ય ઇજનેર (પી. એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી જી.એચ. એન્જિનીયર, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એલ. એફ. ડાભી, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી વી. એમ. શ્રોફ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી એલ. એ. ગઢવી, અધિક્ષક ઇજનેર, પાલનપુર



**પ્રકાશક**

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા–૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**

www.aalekhan.com


## આ અંક આપને કેવો લાગ્યો?

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.


agmhr@ugvcl.in
managercc@ugvcl.in
mitesh@ugvcl.in
cccell@ugvcl.com


## આ અંકમાં


### કંપનીનું ગૌરવ

» યુજીવીસીએલે મેળવ્યું A+ રેટિંગ.................. ૦૪

### એવોર્ડ

» યુજીવીસીએલને એનાયત થયા સ્કોચ એવોર્ડ્સ... ૦૫

### સંક્ષિત સમાચાર

» આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી........... ૦૬

» ઇડર અને મહેસાણા ખાતે યોજાયો મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજના હેઠળ પસંદગી પામેલ ઉમેદવારોને નિમણૂંકપત્ર આપવાનો કાર્યક્રમ....... ૦૮

» ગુજરાત સરકાર દ્વારા વીજબિલ પેટે બાકી રહેતી રકમ અંગેની જાહેર કરવામાં આવેલ ‘‘માફી યોજના’’................ ૧૧

### ઉદ્‌ઘાટન

» ખેરાલુ–૨ પેટા વિભાગીય કચેરીની નવીન ઓફિસનું ઉદ્‌ઘાટન............................ ૧૨

### વિદાય સમારંભ

» વય મર્યાદાના કારણે નિવૃત્ત થનાર એચ.આર. વિભાગના એકઝ્યુક્યૂટિવ (એચ.આર.) શ્રી એચ.એમ. બ્રહ્મભટ્ટ માટે યોજાયો વિદાય સમારંભ................................ ૧૩

» ૩૦ જૂનના રોજ કોર્પોરેટ ઓફિસ ખાતે યોજાયો વિદાય સમારંભ....................... ૧૪

### ઉજવણી

» વીજ સલામતી સપ્તાહની ઉજવણી.............. ૧૫

## સંદેશ



**વીજ પુરવઠો વિશ્વસનીય હોય તો આપણા સૌનાં જીવનમાં એક અવર્ણનીય નિરાંત રહે છે અને વિશ્વસનીય વીજળીથી જ દેશનો વિકાસ અવિરત આગળ વધતો રહે છે, એ દૃષ્ટિએ આપણાં સૌનું કામકાજ બહુ જ મહત્ત્વનું છે.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

સૌથી પહેલાં, આપણી કંપનીની બે અનોખી સિદ્ધિઓ માટે હું આપને હાર્દિક અભિનંદન આપું છું!

આ બંને સિદ્ધિના સમાચાર આપના સુધી પહોંચી ગયા હશે અને એ વિશે 'આપણું યુજીવીસીએલ' ન્યૂઝલેટરના આ અંકમાં આપ વધુ જાણશો, તેમ છતાં, હું પણ તેના વિશે આપને કેટલીક વાત જણાવવા ઇચ્છું છું.

આપણી કંપનીએ ભૂતકાળમાં પણ અનેક રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરનાં એવોર્ડ્સ મેળવ્યા છે. એ પરંપરાને આગળ ધપાવતાં, હાલમાં યુજીવીસીએલને 'સ્કોચ' એવોર્ડ્સ મળ્યા છે. આ એવોર્ડ્સ ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઝને પણ સેવાઓ આપતી સ્કોચ કન્સલ્ટન્સી સર્વિસીઝ લિમિટેડ નામની સંસ્થા દ્વારા કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારના વિભાગો અને અન્ય સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ તથા જાહેર સાહસોમાંથી સૌથી શ્રેષ્ઠને પસંદ કરીને તેમને આપવામાં આવે છે.

દેશની પ્રજાને વિવિધ સેવા પૂરી પાડતી જાહેર સંસ્થાઓમાં જે પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કાર્યપ્રણાલીઓ, પ્રક્રિયાઓ ધરાવતી હોય અને એ મુજબ સર્વોત્તમ પરિણામો મેળવતી હોય તેમને જ આ એવોર્ડ મળે છે.

એ જ રીતે, ભારત સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા આપણી કંપનીને એ-પ્લસ રેટિંગ મળ્યું તે પણ આપણા સૌ માટે અત્યંત ગૌરવની વાત છે. દેશનાં વિવિધ રાજ્યોની ૪૧ વીજ વિતરણ કંપનીઓની કાર્યપદ્ધતિઓનું નિરીક્ષણ કરી, તેમની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. આ આકરી કસોટીમાં આપણી કંપનીએ ભારતની પ્રથમ કક્ષાની શ્રેષ્ઠ વીજ વિતરણ કંપનીનું સ્થાન મેળવ્યું છે.

મિત્રો, કંપનીની આ સિદ્ધિઓ આપની અનન્ય કાર્યનિષ્ઠાને આભારી છે. જ્યારે કંપનીના દરેક સ્તરના, પ્રત્યેક કર્મચારી પોતાની ફરજ, માત્ર નોકરી ખાતર નહીં પરંતુ રાષ્ટ્રના વિકાસમાં પોતાના યોગદાન તરીકે નિભાવે ત્યારે સમગ્ર કંપનીની કામગીરી નવી ઊંચાઈએ પહોંચે છે.

ફરી એક વાર, આપ સૌને અને આપની ફરજમાં પ્રોત્સાહક બળ સમાન આપના પરિવારને મારાં હાર્દિક અભિનંદન!

**સ્વરૂપ પી.**, આઇએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# યુજીવીસીએલે મેળવ્યું A+ રેટિંગ


જૂન ૨૦૧૮માં ભારત સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા ભારતની શ્રેષ્ઠ વીજ વિતરણ કંપનીઓનું વીજ વિતરણ ક્ષેત્રે મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું, જેમાં દેશના ૨૨ રાજ્યોની ૪૧ વીજ વિતરણ કંપનીઓની કાર્ય પદ્ધતિનું નિરીક્ષણ કરીને તેમની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરીને ગુણ આપવામાં આવ્યા હતા.

આ મૂલ્યાંકન પદ્ધતિ પ્રમાણે યુજીવીસીએલે A+ રેટિંગ સાથે ભારતભરમાં પ્રથમ કક્ષાની શ્રેષ્ઠ વીજ વિતરણ કંપની તરીકેનું સ્થાન મેળવ્યું છે.

જે વીજ વિતરણ કંપની A+ રેટિંગ મેળવે, તે કંપનીને ૮૦થી ૧૦૦ ગુણ મળ્યા હોય, ઉચ્ચ વહીવટી કાર્યક્ષમતા અને આર્થિક સધ્ધરતા ધરાવતી હોય, શ્રેષ્ઠ વીજ વિતરણ વ્યવસ્થા ધરાવતી હોય અને યોગ્ય કિંમતે વીજળી પૂરી પાડીને ગ્રાહકલક્ષી અભિગમ ધરાવતી હોય.

ઇન્ટીગ્રેટેડ રેટિંગ મેથોડોલોજી અંતર્ગત ભારતના વિવિધ રાજ્યોની વીજ વિતરણ કંપનીઓમાં ગુજરાતની ચારેય વીજ વિતરણ કંપનીઓએ અગ્ર હરોળમાં સ્થાન મેળવ્યું છે, જે ગૌરવની બાબત છે.

વિકાસ નિગમ લિમિટેડના માર્ગદર્શન તથા સહકારથી આ શિખરો કંપની સર કરી રહી છે.






**૨૨ રાજ્યોની ૪૧ વીજ વિતરણ કંપનીઓની કાર્ય પદ્ધતિનું નિરીક્ષણ કરીને તેમની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરીને યુજીવીસીએલે A+ રેટિંગ સાથે ભારતભરમાં પ્રથમ કક્ષાની શ્રેષ્ઠ વીજ વિતરણ કંપની તરીકેનું સ્થાન મેળવ્યું.**

જીયુવીએનએલની અન્ય વીજ વિતરણ કંપનીઓ, જેવી કે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડે પણ આ મૂલ્યાંકનના ધોરણોમાં A+ રેટિંગ મેળવ્યું છે.

આ રેટિંગ પદ્ધતિ દર્શાવે છે કે

યુજીવીસીએલ દ્વારા ગત નાણાકીય વર્ષ દરમિયાન એટીએન્ડસી લોસ / ટ્રાન્સમિશન ડિસ્ટ્રીબ્યુશન લોસ ઘટાડવા માટે સઘન પ્રયત્નો કરવામાં આવેલ, જેના પરિણામ સકારાત્મક છે. કંપની ઉત્તરોત્તર આર્થિક સધ્ધરતાની નવી ઊંચાઈ પ્રાપ્ત કરી રહી છે.

ગુજરાત સરકાર, ગુજરાત વીજ નિયમન પંચ અને ગુજરાત ઊર્જા

ભારત સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા દેશના વિવિધ રાજ્યોની વીજ વિતરણ કંપનીઓની સેવાઓની ગુણવત્તાને ચકાસવા અર્થે પાવર ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડના નેજા હેઠળ આ રેટિંગ પ્રક્રિયા આઈ.સી.આર.એ. લિમિટેડ તથા ક્રેડિટ એનાલિસિસ રિસર્ચ લિમિટેડને સોંપવામાં આવી હતી. ■

# યુજીવીસીએલને એનાયત થયા સ્કોચ એવોર્ડ્સ

તારીખ ૨૩ જૂન, ૨૦૧૮ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને ત્રણ અલગ અલગ કેટેગરીમાં સ્કોચ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે.

કોન્સ્ટિટ્યુશન ક્લબ ઓફ ઇન્ડિયા - નવી દિલ્હી ખાતે યોજાયેલ ૫૨મી સ્કોચ સમિટ ૨૦૧૮ દરમિયાન આ એવોર્ડ્સ કંપનીને એનાયત કરવામાં આવ્યા છે.

યુજીવીસીએલ વતી કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ.કે. મંગલે આ એવોર્ડ્સ સ્વીકાર્યા હતા.

કંપનીને સ્કોચ સિલ્વર એવોર્ડ એટીએન્ડસી લોસિસ સિસ્ટમની કેટેગરી માટે તથા બે સ્કોચ ઓર્ડર-ઓફ-મેરીટ સિલ્વર એવોર્ડ્સ ઈ-ગ્રામ અને પાવર મેનેજમેન્ટ સિસ્ટમ (પી.એમ.એસ.)ની કેટેગરી માટે મળેલ છે.

૧. સ્કોચ સિલ્વર એવોર્ડ - એટીએન્ડસી લોસિસ સિસ્ટમ
૨. સ્કોચ ઓર્ડર ઓફ મેરીટ સિલ્વર એવોર્ડ - ઈ-ગ્રામ
૩. સ્કોચ ઓર્ડર ઓફ મેરીટ સિલ્વર એવોર્ડ - પાવર મેનેજમેન્ટ સિસ્ટમ

તારીખ ૧૬ મે, ૨૦૧૮ના રોજ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક ફાઈનાન્સ એન્ડ પોલિસી, નવી દિલ્હી ખાતે કંપનીના પ્રતિનિધિઓને વિવિધ કેટેગરીઓમાં નામાંકન હોવાથી કંપનીના પર્ફોર્મન્સ વિશે પ્રેઝેન્ટેશન આપવા આમંત્રણ આપવામાં આવ્યું હતું.

કંપનીએ ચાર કેટેગરીઓમાં (ઈ-ગ્રામ, પાવર મેનેજમેન્ટ સિસ્ટમ,




**કંપનીને સ્કોચ સિલ્વર એવોર્ડ એટીએન્ડસી લોસિસ સિસ્ટમની કેટેગરી માટે તથા બે સ્કોચ ઓર્ડર-ઓફ-મેરીટ સિલ્વર એવોર્ડ્સ ઈ-ગ્રામ અને પાવર મેનેજમેન્ટ સિસ્ટમ (પી.એમ.એસ.)ની કેટેગરી માટે મળેલ છે.**

કંઝ્યૂમર મોનીટરીંગ સિસ્ટમ અને એટીએન્ડસી લોસિસ સિસ્ટમ) માં નામાંકન કર્યું હતું.

સ્કોચ કન્સલ્ટન્સી સર્વિસિઝ લિમિટેડનાં પ્રતિનિધિઓ તરીકે નાબાર્ડના ભૂતપૂર્વ ચીફ જનરલ મેનેજર શ્રી મદન મોહન તથા સ્કોચ ગ્રુપના રિસર્ચ એન્ડ એડિટોરિયલ હેડ શ્રી જ્ઞાનેન્દ્ર કેશરીએ કંપનીના પ્રેઝેન્ટેશનનું મૂલ્યાંકન કર્યું હતું.

જે અંતર્ગત કંપનીની ત્રણ કેટેગરીમાં એવોર્ડ્સ માટે પસંદગી થઈ હતી - એટીએન્ડસી લોસિસ સિસ્ટમ, ઈ-ગ્રામ અને પાવર મેનેજમેન્ટ સિસ્ટમ (પી.એમ.એસ.).

અત્રે ઉલ્લેખનીય છે કે ભારત સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા યુજીવીસીએલને ''A+'' રેટિંગ મળ્યું છે, જેથી કંપનીએ ભારતભરમાં પ્રથમ કક્ષાની શ્રેષ્ઠ વીજ વિતરણ કંપની તરીકેનું સ્થાન મેળવ્યું છે.

જીયુવીએનએલની અન્ય વીજ વિતરણ કંપનીઓ, જેવી કે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડે પણ આ મૂલ્યાંકનના ધોરણોમાં A+ રેટિંગ મેળવ્યું છે.

યુજીવીસીએલ દ્વારા ગત નાણાકીય વર્ષ દરમિયાન એ.ટી.એન્ડસી. લોસ / ટ્રાન્સમિશન ડિસ્ટ્રીબ્યુશન લોસ ઘટાડવા માટે સઘન પ્રયત્નો કરવામાં આવેલ, જેના પરિણામ સકારાત્મક છે. કંપની ઉત્તરોત્તર આર્થિક સધ્ધરતાની નવી ઊંચાઈ પ્રાપ્ત કરી રહી છે. ■

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

દર વર્ષે તારીખ ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

ગુજરાત સરકારશ્રી તથા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના સૂચન મુજબ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી., આઈ.એ.એસ.ના માર્ગદર્શન હેઠળ કંપની દ્વારા ચોથા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી.

તા. ૨૧ જૂન, ૨૦૧૮ના રોજ કંપનીની કોર્પોરેટ ઓફિસ, વર્તુળ કચેરીઓ તથા યુજીવીસીએલના તાબા હેઠળની અન્ય કચેરીઓ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવા માટે આગોતરું આયોજન કરવામાં આવ્યું હતું.

મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા કંપનીના તમામ અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈઓ-બહેનો તથા તેમના પરિવારજનોને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અર્થે ઉત્સાહભેર ભાગ લેવા અનુરોધ કરવામાં આવેલ, જેના સંદર્ભે તા. ૨૧ જૂન, ૨૦૧૮ના રોજ સવારે સાતથી આઠ વાગ્યા સુધી યોગ શિબિરનું આયોજન કોર્પોરેટ ઓફિસ અને મહેસાણા વર્તુળ કચેરીના પ્રાંગણ ખાતે કરવામાં આવ્યું હતું.

આ યોગ શિબિરમાં મેનેજિંગ ડિરેક્ટરશ્રી ઉપરાંત મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ.કે. મંગલ, મુખ્ય ઈજનેર (પી.પી.) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઇનાન્સ) સી.એફ.ઓ. શ્રી આર.બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોષી, એડિશનલ ચીફ એન્જિનીયર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી, એડિશનલ જનરલ મેનેજર (એચ.આર.) શ્રી એ.સી. પ્રજાપતિ, એડિશનલ ચીફ એન્જીનીયર (ટેક. વિજિલન્સ) શ્રી એન.સી. મકવાણા, એડિશનલ ચીફ એન્જિનીયર (કોમર્સ રીન્યુએબલ એનર્જી) શ્રી જે.એલ. ભટ્ટ, એડિશનલ ચીફ એન્જિનીયર (પ્રોજેક્ટ) શ્રી એસ.એ. પટેલ તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈઓ-બહેનો તથા બાળકોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં મેનેજિંગ ડિરેક્ટરશ્રી તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

યોગ શિબિરમાં દરેક વ્યક્તિ વિવિધ યોગ મુદ્રાઓને સરળતાથી જોઈ શકે અને અનુસરણ કરીને યોગાસન કરી








શકે એ માટે મેનેજિંગ ડિરેક્ટરશ્રીની સૂચના પ્રમાણે એક મોટી સાઈઝની એલ.ઈ.ડી. સ્ક્રીન તથા બે એલ.ઈ.ડી. ટી.વી. મુકવામાં આવ્યા હતા.

ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં સાતત્યતા જળવાય તે માટે એક વીડિયો સી.ડી. આપવામાં આવેલ, જેનું પ્રસારણ આ એલ.ઈ.ડી. સ્ક્રીન તથા ટી.વી. પર કરવામાં આવ્યું હતું.

ભારતના માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે ખાસ સંદેશ આ વીડિયોમાં દર્શાવવામાં આવ્યો હતો, જેમાં નિયમિત યોગ કરવાથી દરેક ઉંમરની વ્યક્તિને શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક સુખનો અનુભવ થશે તેવો મક્કમ નિર્ધાર શ્રી મોદીએ રજૂ કર્યો હતો.





ત્યાર બાદ વિવિધ યોગાસનો દર્શાવવામાં આવ્યા હતા, જે મુજબ દરેક શિબિરાર્થીએ લયબદ્ધ રીતે યોગાસન કર્યા હતા.

તા. ૨૧ જૂનના રોજ આ જ પ્રકારનું આયોજન કંપનીની સાબરમતી વર્તુળ કચેરી, હિંમતનગર વર્તુળ કચેરી અને પાલનપુર વર્તુળ કચેરી ખાતે પણ કરવામાં આવ્યું હતું, જેમાં અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈઓ-બહેનો તથા તેમના પરિવારજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

યોગ શિબિરનું આયોજન વર્તુળ કચેરીઓ ઉપરાંત તાબા હેઠળની વિભાગીય કચેરીઓ તેમજ પેટા-વિભાગીય કચેરીઓ ખાતે પણ કરવામાં આવ્યું હતું.

તા. ૨૧ જૂનના રોજ મહેસાણા કેમ્પસ ખાતે આશરે ૨૯૦ અધિકારીશ્રીઓ-કર્મચારીઓએ યોગ શિબિરમાં ભાગ લીધો હતો, જ્યારે એક અનુમાન મુજબ કંપનીની તમામ કચેરીઓ ખાતે આશરે ૩૦૦૦થી વધારે અધિકારીશ્રીઓ-કર્મચારીઓએ ભાગ લીધો હતો.

યોગથી અવગત કરાવવા માટે તેમજ વિવિધ યોગાસન કર્મચારીઓ સરળતાથી કરી શકે તે માટે આંતરરાષ્ટ્રીય યોગ દિવસના એક દિવસ પહેલા, એટલે કે તા. ૨૦ જૂન ૨૦૧૮ના રોજ યોગના પૂર્વાભ્યાસ અર્થે કોર્પોરેટ ઓફિસ અને વર્તુળ કચેરીઓ દ્વારા મહેસાણા, સાબરમતી, પાલનપુર અને હિંમતનગર ખાતે યોગ શિબિરના રિહર્સલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પણ વીજ કર્મીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વિવિધ યોગાસન નજર સમક્ષ કરીને બતાવી શકે એ અર્થે ખ્યાતિપ્રાપ્ત યોગ ઇન્સ્ટ્રક્ટર શ્રી મુકેશ પુરોહિતને આમંત્રણ આપવામાં આવ્યું હતું, જેમણે સ્ટેજ પર યોગાસન કરીને દર્શાવ્યા હતા અને તેમને અનુસરીને તમામ લાભાર્થીઓએ યોગાસન કર્યા હતા.



યોગ શિબિરની પુર્ણાહુતી બાદ હાજર તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીગણ માટે લીંબુ શરબત તેમજ અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ યોગ શિબિરનું આયોજન અધિક્ષક ઈજનેર (મહેસાણા) શ્રી જી.એચ. એન્જિનીયર તથા મહેસાણા વર્તુળ કચેરીની ટીમ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૧૧ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી ખાતે ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં માટે અનુરોધ કર્યો હતો, જેને સર્વ સંમતિ મળ્યા બાદ દર વર્ષે ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ■

### ઈડર અને મહેસાણા ખાતે યોજાયો મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજના હેઠળ

# પસંદગી પામેલ ઉમેદવારોને નિમણૂંકપત્ર આપવાનો કાર્યક્રમ

ગુજરાત સરકારશ્રી દ્વારા અમલી મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજનાને વધુ વેગ આપવાના અર્થે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ખાસ ઝુંબેશ ચલાવવામાં આવનાર છે. આ ઝુંબેશ હેઠળ ગુજરાત ઊર્જા વિકાસ નિગમની તમામ કંપનીઓ મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજના અંતર્ગત ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો (આઈ.ટી.આઈ.)ના ઉમેદવારોને એપ્રેન્ટિસ લાઇનમેન તરીકે નિમણૂંક આપવામાં આવશે.

આ યોજના અંતર્ગત ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી., આઈ.એ.એસ.ના માર્ગદર્શન અનુસાર વિવિધ જગ્યાએ આઈ.ટી.આઈ.ના ઉમેદવારો માટે અગાઉ ભરતીમેળા યોજવામાં આવ્યા હતા.

આ ભરતી મેળાઓમાં કંપની દ્વારા અગાઉ પસંદગી પામેલ ઉમદા ઉમેદવારોને કંપનીમાં એપ્રેન્ટિસ લાઇનમેન તરીકે નિમણૂંક આપવા માટે ક્રમશઃ સાબરકાંઠાના ઇડર ખાતે તેમજ મહેસાણા વર્તુળ કચેરી અને પાલનપુર વર્તુળ કચેરીના સંયુક્ત ઉપક્રમે ખાસ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતો.

## ઈડર ખાતેનો કાર્યક્રમ

તા. ૧૩ જૂન, ૨૦૧૮ના રોજ સવારે ૧૦:૩૦ વાગે સ્વામી વિવેકાનંદ ટાઉન હોલ, ઇડર ખાતે ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોના આ પસંદગી પામેલ ઉમેદવારોને માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીના વરદ હસ્તે નિમણૂકપત્ર આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં પધારવા માટે માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા ગુજરાત સ્કિલ ડેવેલપમેન્ટ મિશનના મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતી અવંતિકા સિંહ, આઈ.એ.એસ.ને ખાસ આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.








અનિવાર્ય સંજોગોના કારણે શ્રીમતી અવંતિકા સિંહ આ કાર્યક્રમમાં આવી શકેલ નહીં, પરંતુ તેઓની અનુપસ્થિતિમાં તેમના પ્રતિનિધિ તરીકે ડેપ્યુટી ડિરેક્ટર શ્રી વી.એસ. ચંપાવત આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

**આ કાર્યક્રમમાં પધારવા ગુજરાત સ્કિલ ડેવેલપમેન્ટ મિશનના મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતી અવંતિકા સિંહને ખાસ આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. અનિવાર્ય સંજોગોના કારણે આવી શકેલ નહિ, પરંતુ તેઓની અનુપસ્થિતિમાં ડેપ્યુટી ડિરેક્ટર શ્રી વી.એસ. ચંપાવત આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.**









અધિક્ષક ઈજનેર હિંમતનગર શ્રી એલ.એફ. ડાભી દ્વારા મેનેજિંગ ડિરેક્ટરશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા આમંત્રિત મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આઈ.ટી.આઈ. હિંમતનગરના પ્રિન્સિપાલ શ્રી એન.એમ. પટેલ ઉપરાંત વિવિધ ક્ષેત્રોના આમંત્રિત મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

આમંત્રિત મહાનુભાવો દ્વારા કાર્યક્રમની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

કોર્પોરેટ ઓફિસના એડિશનલ જનરલ મેનેજર (એચ. આર.) શ્રી એ.સી. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં આઈ.ટી.આઈ.ના પસંદગી પામેલ ૧૩૦ વિદ્યાર્થીઓને નિમણૂંકપત્ર આપવામાં આવ્યા હતા.

હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી એલ.એફ. ડાભી તથા તેમની ટીમ દ્વારા પુરા કાર્યક્રમનું સફળ વ્યવસ્થાપન કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક પ્રવચનમાં મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપે જણાવ્યું હતું કે દેશમાં, ખાસ કરીને ગુજરાતમાં, હાલ સ્કિલ્ડ લેબરની અછત છે. આઈ.ટી.આઈ.ના વિદ્યાર્થીઓ આ અછતને પહોંચી વળવા માટે સામર્થ્ય ધરાવે છે. શ્રી સ્વરૂપે નિમણૂંક પામેલ તમામ ૧૩૦ એપ્રેન્ટિસ લાઇનમેનએ શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે ડેપ્યુટી જનરલ મેનેજર (એચ.આર.) શ્રી એન. બી. બલાત, ઇન્ડસ્ટ્રીયલ રિલેશન ઓફિસર શ્રી વી.એચ. અસારી, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન) શ્રી કે.કે. સથવારા તથા આસિસ્ટન્ટ સેક્રેટરી શ્રી પી.જી. બ્રહ્મભટ્ટ હાજર રહ્યા હતા.

ડેપ્યુટી એન્જિનીયર શ્રી કે.ડી. બારોટ દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

### મહેસાણા ખાતેનો કાર્યક્રમ

તા. ૧૯ જુલાઈ, ૨૦૧૮ના રોજના રોજ સવારે ૧૦:૩૦ વાગે કમળાબા હોલ, સાર્વજનિક સ્કૂલ કેમ્પસ, મહેસાણા ખાતે ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોના પસંદગી પામેલ ૧૬૩ ઉમેદવારોને માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીના વરદ હસ્તે નિમણૂંકપત્ર આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે મહેસાણા જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એચ.કે. પટેલ, આઈ.એ.એસ.ને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું, જે મુજબ શ્રી એચ.કે. પટેલ પોતાનો કિંમતી સમય ફાળવીને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમમાં મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ.કે. મંગલ, મુખ્ય ઈજનેર (પી.પી.) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઇનાન્સ) સી.એફ.ઓ. શ્રી આર.બી. કોઠારી, એડિશનલ જનરલ મેનેજર (મા. સં.) શ્રી એ.સી. પ્રજાપતિ તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ-કર્મચારી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

વિવિધ આઈ.ટી.આઈ.ના પ્રિન્સિપાલશ્રીઓ તથા શ્રમ અને રોજગાર વિભાગ તેમજ માહિતી ખાતાના અધિકારીશ્રીઓને પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

આમંત્રિત મહાનુભાવો દ્વારા કાર્યક્રમની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

મેનેજિંગ ડિરેક્ટરશ્રી સ્વરૂપના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં આઈ.ટી.આઈ.ના પસંદગી પામેલ ૧૬૩ ઉમેદવારોને નિમણૂંકપત્ર આપવામાં આવ્યા હતા. ૮ વેન્ડર્સ સાથે ૨૪ એપ્રેન્ટિસભાઈઓ પણ આ કાર્યક્રમમાં જોડાયા હતાં.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી સ્વરૂપે પસંદગી પામેલ તમામ ઉમેદવારોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે ઊર્જા મંત્રાલય, ભારત સરકાર દ્વારા દેશની વિવિધ વીજ વિતરણ કંપનીઓની સરખામણીમાં આપણી કંપની દેશની પ્રથમ









નંબરની વીજ વિતરણ કંપની બની છે, જેમાં જોડાવવું તે ગર્વ લેવાની બાબત છે.

કલેક્ટર શ્રી એચ.કે. પટેલે ગુજરાત સરકારની મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજનાને સફળ બનાવવા હાકલ કરી હતી તેમજ મહેસાણા જિલ્લામાં સૌથી વધુ યોગદાન આપણી કંપની





દ્વારા આ યોજના ને મળી રહ્યું છે તે અંગે હર્ષની લાગણી વ્યક્ત કરી હતી.

વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ.સી. પ્રજાપતિ દ્વારા શરૂઆતમાં એપ્રેન્ટીસ તરીકે જોડાનાર તમામને કંપની દ્વારા મળવાપાત્ર લાભ તથા આગળ વધવાની વિપુલ તકો વિષે ઊંડી સમજ આપી હતી.

અધિક્ષક ઈજનેર (મહેસાણા) શ્રી જી.એચ. એન્જિનીયર તથા અધિક્ષક ઈજનેર (પાલનપુર) શ્રી એલ.એ. ગઢવી તથા તેઓની ટીમ દ્વારા કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

ડેપ્યુટી એન્જિનીયર શ્રી કે.ડી. બારોટ દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. ■

# ગુજરાત સરકાર દ્વારા વીજબિલ પેટે બાકી રહેતી રકમ અંગેની જાહેર કરવામાં આવેલ ''માફી યોજના''

રાજ્ય સરકારનો ઉદ્દેશ્ય છે કે રાજ્યના તમામ પ્રજાજનોને વીજ સુવિધા પ્રાપ્ત થાય (Power To All) તેમજ વીજ વિતરણ કંપનીઓ તેમની બાકી વીજબિલની રકમ ઝડપથી મેળવી શકે તે હેતુથી અને દરેક વ્યક્તિને વીજજોડાણ પૂરું પાડવા રાહતનાં પગલાં તરીકે ''માફી યોજના'' રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ છે.

આ યોજનામાં તા. ૨૧-૮-૨૦૧૭ની સ્થિતિએ કાયમી ધોરણે વીજજોડાણ બંધ હોય અને બાકી રકમ રૂપિયા એક કરોડ સુધીની હોય તેવા તમામ ગ્રાહક/બિનગ્રાહકને આ યોજનામાં આવરી લેવામાં આવ્યા છે.

આ માફી યોજના હેઠળ તા. ૩૧-૮-૨૦૧૭ની સ્થિતિએ કાયમી ધોરણે વીજજોડાણ બંધ હોય તેવા તમામ ઘરવપરાશના (ગરીબી રેખાની નીચે અને ઉપર) તેમજ ખેતીવાડીના ગ્રાહકો/બિન ગ્રાહકોને બાકી રહેલ મૂળ રકમ ઉપર ૫૦ ટકા રકમની રાહત આપવામાં આવે છે. તે ઉપરાંત વ્યાજના નાણાની ચૂકવણીમાંથી સંપૂર્ણ માફી આપવામાં આવેલ છે. આ ઉપરાંત અન્ય કેટેગરીના ગ્રાહક/બિનગ્રાહક તા. ૩૧-૮-૨૦૧૭ની સ્થિતિએ કાયમી ધોરણે વીજજોડાણ બંધ હોય અને બાકી રહેતી મૂળ રકમ પૂરેપૂરી ભરપાઈ કરવામાં આવેથી લાગુ પડતા વિલંબિત ચાર્જ અને વ્યાજની રકમની ચૂકવણીમાંથી સંપૂર્ણ માફી.

આ યોજના હેઠળ તા. ૩૧-૮-૨૦૧૭ની સ્થિતિએ ઇલેક્ટ્રીસિટી એક્ટ, ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળના ફક્ત પ્રથમ સમયના કેસો જેમાં વીજજોડાણ કાયમી ધોરણે બંધ હોય તેવા કિસ્સાઓમાં પણ ''કંપાઉન્ડીંગ ચાર્જીસ'' ભરવાથી વીજબિલની મૂળ રકમ તેમજ વ્યાજની રકમ ઉપર નિયત માફી આપવામાં આવશે.

આ યોજના તા. ૨૪-૭-૨૦૧૮ સુધી અમલમાં રહેતી હોઈ સત્વરે લાભ લેવા વિનંતી.

આ યોજનાનો લાભ મેળવવા ગ્રાહકે કંપનીની સંબંધિત સબડિવિઝન/ડિવિઝન કચેરીનો સંપર્ક કરવો.

કોઈ પણ વધુ માર્ગદર્શન માટે ગ્રાહકે કંપનીના શ્રી બી.ડી. મોરી, નાયબ મુખ્ય હિસાબી અધિકારી (રેવન્યુ) કે નજીકની કચેરીનો સંપર્ક કરવો. ■

## ઉદ્‌ઘાટન

## ખેરાલુ-૨ પેટા વિભાગીય કચેરીની

# નવીન ઓફિસનું ઉદ્‌ઘાટન




તારીખ ૩૧-૦૫-૨૦૧૮ના રોજ ખેરાલુ-૨ પેટા વિભાગીય કચેરીની નવીન ઓફિસનું ઉદ્‌ઘાટન યુજીવીસીએલના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી., આઈ.એ.એસ.ના વરદ હસ્તે કરવામાં આવ્યું.



કાર્યક્રમની શરૂઆતમાં મંત્રોચાર વિધિ કરવામાં આવી. ત્યાર બાદ સ્વાગત પ્રવચનમાં અધિક્ષક ઈજનેર શ્રી જી. એચ. એન્જિનીયર દ્વારા માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ, મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ.કે. મંગલ, મુખ્ય ઈજનેર (પી.પી.) શ્રી પી.બી. પંડ્યા, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી, કંપનીના ઉચ્ચ અધિકારીશ્રીઓ/કર્મચારીઓ તથા આમંત્રિત મહેમાનોને આવકારવામાં આવ્યા હતાં.

**માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી.ના વરદ હસ્તે નવીન ઓફિસનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ તથા કાર્યક્રમની શરૂઆત મંત્રોચાર વિધિ સાથે કરવામાં આવેલ.**

માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીના હસ્તે ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓની ઉપસ્થિતિમાં નવીન કચેરીની તખતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું.



માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ગ્રાહકોને અનુલક્ષીને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પૂરો પાડવા બાબતે તેમજ કચેરીની મુલાકાતે આવતા ગ્રાહકોને સારી સુવિધા મળી રહે તે અંગે અનુરોધ કરવામાં આવ્યો હતો તેમજ લોકાભિમુખ વહીવટ થાય એવી અપેક્ષા જણાવવામાં આવી હતી.




અંતે ઉપસ્થિત તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીઓ તથા ખેરાલુ-૨ પેટા વિભાગીય કચેરીની ટીમને માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા અભિનંદન સાથે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ■

### વય મર્યાદાના કારણે નિવૃત્ત થનાર એચ.આર. વિભાગના એકઝયુક્યૂટિવ (એચ.આર.)

# શ્રી એચ.એમ. બ્રહ્મભટ્ટ માટે યોજાયો વિદાય સમારંભ







તા. ૩૧-મે-૨૦૧૮ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની કોર્પોરેટ ઓફિસ ખાતે એચ. આર. વિભાગમાં એકઝયુક્યૂટિવ (એચ.આર.) તરીકે ફરજ બજાવતા શ્રી એચ.એમ. બ્રહ્મભટ્ટ, વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા હોઈ તેઓને સન્માનવા માટે બપોરે ૪.૩૦ કલાકે કોન્ફરન્સ હોલ, રજી. કચેરી, મહેસાણા ખાતે વિદાય સમારંભ યોજાયો હતો.

શ્રી એચ.એમ. બ્રહ્મભટ્ટ, વય મર્યાદાના કારણે કોર્પોરેટ ઓફિસમાંથી તા. ૩૧-મે-૨૦૧૮ના રોજ નિવૃત્ત થયા.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર (પી પી), શ્રી. પી.બી. પંડ્યા, વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ), શ્રી એસ.એ. પટેલ, કંટ્રોલર ઓફ એકાઉન્ટ્સ, શ્રી એ.એસ. ડામોર, વિશેષ મહાપ્રબંધક (માનવ સંસાધન), શ્રી એ. સી. પ્રજાપતિ, નાયબ મુખ્ય હિસાબી અધિકારી, શ્રી ધવલ બરવાડીયા તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારી ભાઈઓ-બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને નિવૃત્ત થનાર શ્રી એચ.એમ. બ્રહ્મભટ્ટને સારા સ્વાસ્થ્ય માટે અને પ્રવૃત્તિમય જીવન પસાર કરવા શુભેચ્છાઓ આપી હતી.

વિદાય સમારંભમાં મુખ્ય ઈજનેર (પી એન્ડ પી), શ્રી પી.બી. પંડ્યાએ પુષ્પગુચ્છથી શ્રી એચ.એમ. બ્રહ્મભટ્ટને આવકાર્યા હતા. વિશેષ મહાપ્રબંધક (માનવ સંસાધન) શ્રી એ. સી. પ્રજાપતિએ શ્રીફળ, સાકર અને ચાંદીનો સિક્કો અર્પણ કરી શ્રી એચ.એમ. બ્રહ્મભટ્ટને કરી સન્માનિત કર્યા હતા. વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ), શ્રી એસ.એ. પટેલએ પ્રશસ્તિપત્ર આપીને શ્રી એચ.એમ. બ્રહ્મભટ્ટની સેવાઓને બિરદાવી હતી.

કંટ્રોલર ઓફ એકાઉન્ટ્સ, શ્રી એ.એસ. ડામોરએ ચેક અર્પણ કરી નિવૃત્ત થનાર શ્રી એચ.એમ. બ્રહ્મભટ્ટને શુભકામનાઓ પાઠવી હતી. વિશેષ મહાપ્રબંધક (માનવ સંસાધન) શ્રી એ. સી. પ્રજાપતિએ શાલ ઓઢાડીને નિવૃત્ત થનાર શ્રી એચ.એમ. બ્રહ્મભટ્ટને સન્માન આપ્યું હતું.

પ્રાસંગિક પ્રવચનમાં એચ.આર. વિભાગના વિશેષ મહાપ્રબંધક (માનવ સંસાધન) શ્રી એ. સી. પ્રજાપતિએ શ્રી એચ.એમ. બ્રહ્મભટ્ટની વિભાગમાં કામગીરી બાબતે પ્રશંશા કરી હતી અને તેમની સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા.




સમારંભમાં શ્રી એચ.એમ. બ્રહ્મભટ્ટએ પોતાના કાર્યકાળ દરમિયાન બનેલા મહત્ત્વના પ્રસંગોને વર્ણવ્યા હતા અને પોતાના સંસ્મરણો યાદ કર્યા હતા.

ત્યાર બાદ કોર્પોરેટ ઓફિસની પરંપરા પ્રમાણે નિવૃત્તિ સમારંભમાં હાજર તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીઓને આઈસક્રીમ ખવડાવી વિદાય સમારંભની પૂર્ણાહુતી કરવામાં આવી હતી અને શ્રી એચ.એમ. બ્રહ્મભટ્ટને ભાવ-સભર વિદાય આપવામાં આવી હતી. ■

# ૩૦ જૂનના રોજ કોર્પોરેટ ઓફિસ ખાતે યોજાયો વિદાય સમારંભ

તા. ૩૦ જૂન ૨૦૧૮ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની કોર્પોરેટ ઓફિસમાં વિવિધ સેક્શન્સમાંથી વય મર્યાદાના કારણે નિવૃત્ત થનાર અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ માટે સાંજે ૪.૦૦ વાગે કોન્ફરન્સ હોલ ખાતે વિદાય સમારંભ યોજાયો હતો.

કોર્પોરેટ ઓફિસમાંથી તા. ૩૦ જૂન, ૨૦૧૮ના રોજ અધિક્ષક ઈજનેર (સિવિલ) શ્રી કે.ડી. ચૌધરી, કાર્યપાલક ઈજનેર (એસ.પી. સેક્શન) શ્રી કે.વી. પટેલ, નાયબ ઈજનેર (સિવિલ) શ્રી એન.એમ. પટેલ, હિસાબી અધિક્ષક શ્રી એ.કે. ચૌધરી, હિસાબી અધિક્ષક શ્રી એ.આર. મેવાડા, હિસાબી અધિક્ષક શ્રી બી.જે. ચૌધરી, હિસાબી અધિક્ષક શ્રી જે.આર. પટેલ, કાર્યપાલક માનવ સંસાધન (મા.સં. સેક્શન) શ્રી ડી.એમ. પટેલ તથા નાયબ અધિક્ષક - વહીવટ (મા.સં. સેક્શન) શ્રી એસ.એચ. પ્રજાપતિ વય મર્યાદાના કારણે નિવૃત્ત થયા.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર (પી.પી.) શ્રી પી.બી. પંડ્યા, વિશેષ મહાપ્રબંધક (માનવ સંસાધન) શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી.જે ત્રિવેદી, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક વિજિલન્સ) શ્રી એન. સી. મકવાણા, વિશેષ મુખ્ય ઈજનેર (કોમર્સ રિન્યુએબલ એનર્જી) શ્રી જે.એલ. ભટ્ટ, વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ) શ્રી એસ.એ. પટેલ તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારી ભાઈઓ-બહેનો ઉપરાંત નિવૃત્ત થનાર અધિકારીશ્રીઓ અને કર્મચારીઓના પરિવારજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને નિવૃત્ત થનાર અધિકારીશ્રીઓ અને કર્મચારીઓના સારા સ્વાસ્થ્ય માટે અને પ્રવૃત્તિમય જીવન પસાર કરવા શુભેચ્છાઓ આપી હતી.

નિવૃત્ત થનાર સૌ અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓને પુષ્પગુચ્છથી આવકારવામાં આવ્યા હતા તથા શ્રીફળ, સાકર અને ચાંદીનો સિક્કો અર્પણ કરી સન્માનિત કર્યા હતા. સૌને શાલ ઓઢાડીને સન્માન પણ કરવામાં આવ્યાં હતાં.

મુખ્ય ઈજનેર (પી.પી.) શ્રી પી.બી. પંડ્યાએ પ્રશસ્તિપત્રો આપીને નિવૃત્ત થનાર સૌ અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓની સેવાઓને બિરદાવી હતી. કંટ્રોલર ઓફ એકાઉન્ટ્સ શ્રી એ.એસ. ડામોરે ચેક અર્પણ કરી નિવૃત્ત થનાર સૌને શુભકામનાઓ પાઠવી હતી. આ સમારંભમાં નિવૃત્ત થનાર સૌ અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓના પરિવારજનોએ પણ હાજરી આપી હતી. સમારંભમાં સૌએ પોતાના કાર્યકાળ દરમિયાન બનેલા મહત્ત્વના પ્રસંગોને વર્ણવ્યા હતા અને પોતાના સંસ્મરણો યાદ કર્યા હતા.

ત્યાર બાદ કોર્પોરેટ ઓફિસની પરંપરા પ્રમાણે નિવૃત્તિ સમારંભમાં હાજર તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીઓને આઈસક્રીમ ખવડાવી વિદાય સમારંભની પૂર્ણાહુતી કરવામાં આવી હતી અને સૌને ભાવ-સભર વિદાય આપવામાં આવી હતી. ■

# વીજ સલામતી સપ્તાહની ઉજવણી

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા દર વર્ષે તા. ૧ જૂનથી ૭ જૂન દરમિયાન વીજ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ કંપની દ્વારા તા. ૧ જૂનથી ૭ જૂન ૨૦૧૮ દરમિયાન વીજ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.


પ્રતીકાત્મક તસવીર

આ સપ્તાહ દરમિયાન કંપનીની કોર્પોરેટ ઓફિસના માર્ગદર્શન મુજબ સપ્તાહ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી.

તા. ૧ જૂનના રોજ કંપનીની વર્તુળ કચેરીઓ, વિભાગીય કચેરીઓ તથા પેટાવિભાગીય કચેરીઓ ખાતે કર્મચારીઓ તથા ગ્રાહકોમાં વીજ સલામતી અંગે જાગૃતિ લાવવાના હેતુથી બેનર્સ લગાવવામાં આવ્યા હતા.

દરેક કચેરી ખાતે વીજ કર્મિયોને વીજ સલામતી માટે આપવામાં આવેલ તમામ સુરક્ષાના સાધનો સાથે લઈને જ ફરજ પર આવવા અપીલ કરવામાં આવી હતી તથા રોજ સવારે તેઓને વીજ સલામતી અંગે સભાન રહેવા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

વીજ સલામતી અંગે પેમ્ફલેટ્સ પણ વહેંચવામાં આવ્યા હતા.

દરેક વિભાગીય કચેરી તથા પેટા વિભાગીય કચેરી ખાતે અનુકૂળતા મુજબ વીજ સલામતી અંગે સેમિનાર પણ યોજવા માટે સૂચન કરવામાં આવેલ.

તા. ૨ જૂનના રોજ વીજ કર્મીઓ દ્વારા ઉપરી અધિકારીની હાજરીમાં વીજ સલામતીના નિયમોને ધ્યાનમાં રાખીને એલ.એસ.ટી.સી. અર્થિંગ તથા ક્રોસ બાઉન્ડરીના મેન્ટેનન્સ કાર્ય કરવામાં આવ્યું હતું.

તા. ૪ જૂનના રોજ જુના વીજ કનેક્શનોમાં અર્થિનગ ટર્મિનલ અંગે કામગીરી કરવામાં આવી હતી. એચ. ટી./એલ.ટી. લાઈન કે પોલ પરથી ચેનલ વાયર કે હોર્ડિંગ્સ જો લાગ્યા હોય તો તેનો નિકાલ પણ આ દિવસે કરવામાં આવ્યો.

તા. ૫ જૂનના રોજ વીજ કર્મીઓ દ્વારા પોતાના કાર્યક્ષેત્રમાં અનધિકૃત બાંધકામની નીચે કે પાસે જો એચ.ટી. કે એલ.ટી. લાઈન પસાર થતી હોય તો તે અંગે નોટિસ પાઠવવા માટે સૂચના આપવામાં આવી હતી. ગ્રામ પંચાયત કે મંડળીઓની ઓફિસ ખાતે વીજ સલામતીના પેમ્ફલેટ્સ વહેંચવામાં આવ્યા હતા.

તા. ૬ જૂનના રોજ જમીનથી એચ. ટી./એલ.ટી. લાઈનનું અંતર જો કોઈ પણ સ્થળે ભયજનક હોય તો ત્યાં વીજ કર્મીઓ દ્વારા યોગ્ય સુધારા કરવામાં માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.

તા. ૭ જૂનના રોજ ગ્રાહકોના ઘેર અર્થિન્ગનું ચેકિંગ કરવામાં આવ્યું હતું તથા અર્થ ટર્મિનલ પ્લગ પોઈન્ટથી જોડાયેલ છે કે કેમ તે અંગે તથા અન્ય વીજ સલામતી બાબતે ચેકિંગ કરવામાં આવ્યું હતું.

આ રીતે તા. ૧ જૂનથી ૭ જૂન ૨૦૧૮ દરમિયાન કંપનીની વિવિધ કચેરીઓ ખાતે વીજ સલામતી સપ્તાહની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ■




**આપણું યુજીવીસીએલ**

**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

agmhr@ugvcl.in
managercc@ugvcl.in
mitesh@ugvcl.in
cccell@ugvcl.com